

સુરત-ભરૂચમાં વાવાઝોડું, છાંટા પડ્યા, વીજ ડૂલ

બારડોલીમાં હવામાં ધૂળની ડમરીઓ ઊડતા માર્ગો પર વિઝિબિલિટી ઘટી ગઈ

ભારે પવનથી કેરીના પાકને નુકસાનની ભીતિ, પણદા ગામે પતરાં ઊડ્યાં

બારડોલીઃ સુરત અને ભરૂચ જિલ્લામાં વાવાઝોડું ફુંકાતાં અનેક વિસ્તારોમાં ખાનાખરાબી સર્જાઈ હતી. ધૂળની ડમરીઓ ઊડતાં વાહનચાલકોને હાલાકી વેઠવી પડી હતી. તો અનેક જગ્યાએ વરસાદી છાંટા પડવા સાથે વીજળી વેરણ થઈ હતી.

બારડોલી તાલુકાના વાતાવરણમાં મોડી સાંજે અચાનક પલટો આવતાં ખેડૂતો અને સ્થાનિકોની ચિંતામાં વધારો થયો છે. ધૂળની ડમરીઓ અને ફુંકાતા તેજ પવનને કારણે સમગ્ર પંથકમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સાંજના સમયે અચાનક શરૂ થયેલા ફુંકાતાં પવને બાગાયતી ખેતી કરતા ખેડૂતોની કમર તોડી નાંખી છે. ખાસ કરીને આંબાના બગીચાઓમાં કેરીનો પાક લહેરાતો હતો, ત્યારે જ કુદરતી આફત ત્રાટકી છે. પવનના જોરને કારણે મોટી માત્રામાં કેરીનો પાક ઝાડ પરથી ખરી પડ્યો છે. ખેડૂતોના જણાવ્યા અનુસાર આ નુકસાનને કારણે મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કેરી ખરી પડતાં લાખો રૂપિયાના આર્થિક નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. બીજી તરફ, ભારે પવનને લીધે હવામાં ધૂળની ડમરીઓ ઊડતા માર્ગો પર વિઝિબિલિટી ઘટી ગઈ હતી, જેના કારણે વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પવનની ગતિ વધતા સાવચેતીના ભાગરૂપે અથવા લાઈનોમાં ટેકનિકલ ખામી સર્જાતાં અનેક ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. લાંબા સમય સુધી અંધારપટ છવાયેલો રહેતા લોકો પરેશાન થયા હતા. જો કે, આ પવનને કારણે વાતાવરણમાં પ્રસરેલી ગરમીમાં આંશિક રાહત મળી હતી અને ઠંડક પ્રસરી હતી.

બારડોલીના પણદા ગામે માહ્યાવંશી મહોલ્લામાં રહેતા સુરેશભાઈ રતીલાલભાઈ શર્માના ઘરનાં પતરાં ભારે પવનને કારણે ઊડી ગયાં હતાં.

તાપી જિલ્લામાં મોડી સાંજે વાતાવરણમાં પલટો

વ્યારાઃ તાપીના વ્યારા સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં મોડી સાંજે એકાએક વાતાવરણમાં અચાનક પલટો આવતાં ધૂળની ડમરી સાથે ભારે પવન ફુંકાયો હતો. લગભગ એકથી દોઢ કલાક સુધી ભારે પવન સાથે ધૂળની ડમરીઓ ઊડતા વીજ પુરવઠો પણ કલાકો સુધી બંધ કરવામાં આવ્યો હતો. ભારે પવન સાથે વાતાવરણમાં અચાનક પલટો આવતાં ખેડૂતો ચિંતિત બન્યા હતા. જો કે, થોડા સમય બાદ પવનની ગતિ ધીમી પડતાં વાતાવરણ હળવું બન્યું હતું અને વરસાદ ન પડતાં ખેડૂતોએ હાશકારો અનુભવ્યો હતો.

મોડી સાંજે વાતાવરણ અચાનક પલટો આવતાં ધૂળની ડમરી સાથે પવન ફુંકાવાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. જેને કારણે લોકોને ગરમીથી રાહત મળી હતી.

ભરૂચ જિલ્લામાં વાવાઝોડા સાથે હળવો વરસાદ

અંકલેશ્વર, ભરૂચઃ ભરૂચ જિલ્લામાં વાવાઝોડા સાથે છાંટા પડવા ઉપરાંત ઠેકઠેકાણે વીજળી ડૂલ થઈ હતી. અંકલેશ્વર પંથકમાં ગુરુવારે મોડી સાંજે એકાએક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને ભારે વાવાઝોડું ફુંકાયું હતું. ભરૂચ શહેરમાં વીજળી ડૂલ થઈ ગઈ હતી. જો કે, ઠંડા પવનને કારણે લોકોને ગરમીથી રાહત થઈ હતી.ગુરુવારે બપોર બાદ વાતાવરણમાં પલટો આવવાનો શરૂ થઈ ગયો હતો. દિવસ દરમિયાન ભારે ઉકળાટ બાદ નમતી બપોરે વાતાવરણમાં પલટો આવવા લાગ્યો હતો. ૭ વાગ્યા પછી એકાએક ભારે વાવાઝોડું ફુંકાયું હતું અને ઝીરો વિઝિબિલિટી થઇ ગઇ હતી. લોકોનાં છાપરાં અને હોર્ડિંગ પણ ઊડ્યાં હતાં. લોકોને વાહનો ચલાવવામાં તકલીફ પડી હતી. ઘણા વાહન ચાલકોએ રોડની સાઇડમાં વાહનો ઊભાં કરી દીધાં હતાં. વાવાઝોડું આશરે ૨૦ મિનિટ સુધી ચાલ્યું હતું અને વીજળી ડૂલ થઇ ગઇ હતી.

હથોડા સહિતના વિસ્તારમાં વાવાઝોડું ફુંકાયું

હથોડાઃ હથોડા સહિત કીમ ચાર રસ્તા અને કોસંબા-તરસાડી પંથકમાં મોડી સાંજે અચાનક ફુંકાયેલા તોફાની વાવાઝોડાને કારણે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. સુસવાટા મારતા પવનને લીધે લોકોમાં દોડધામ મચી ગઈ હતી. ગુરુવારે દિવસભર અસહ્ય ગરમી અને બફારા બાદ મોડી સાંજે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. હથોડા, વેલાછા, સાવા, નંદાવ, લીંબાડા, કઠવાડા, મોટી નરોલી, વાલેસા, મોટા બોરસરા, સિયાલજ, પાલોદ, કોઠવા, ભાટકોલ, લીંડિયાત, લીમોદરા, પીપોદરા, કોસંબા, તરસાડી, હથુરણ, ફુંવારદા, મોટી પારડી અને નાના બોરસરા સહિતના વિસ્તારોમાં ભારે વેગ સાથે પવન ફુંકાયો હતો. ગામડાં પૈકી કોઈક જગ્યાએ નુકસાન થયું છે કે કેમ તે જાણી શકાયું નથી. જ્યારે વાવાઝોડુ ફુંકાવાની શરૂઆત થતા જ હથોડા સહિત કેટલાક વિસ્તારમાં વીજળી ડુલ થઈ જતાં અંધારપટ છવાઈ ગયો હતો.

માંડવીમાં અચાનક વાવાઝોડું, વીજ પુરવઠો ખોરવાયો

માંડવીઃ માંડવી સહિત તાલુકામાં સાંજે અચાનક વાવાઝોડા જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી અને ઠંડો પવન જોરશોરથી ફુંકાયો હતો. જેના પગલે વીજ પુરવઠામાં ખલેલ પડતાં શહેરના અનેક વિસ્તારોમાં અંધકાર છવાઈ ગયો હતો. પવનની તીવ્રતા વધી જતાં લોકોમાં થોડી ગભરાટની સ્થિતિ પણ સર્જાઈ હતી. વીજળી ગુલ થતાં સ્થાનિક લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

જો કે, સંબંધિત વિભાગ દ્વારા તાત્કાલિક કામગીરી હાથ ધરવામાં આવી હતી અને વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. હવામાન વિભાગે આગાહી કરી છે કે આવનારા દિવસોમાં હવામાનમાં વધુ ફેરફારો જોવા મળી શકે છે, જેથી નાગરિકોને સાવચેત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

વાડી ગામે તળાવ પાસે સોલાર પેનલ ઊડતાં નુકસાન

વાંકલઃ માંગરોળ અને ઉમરપાડામાં હવામાનની આગાહી વચ્ચે અચાનક પવન સાથે ધૂળની ડમરીઓ ઊડી હતી. અનેક જગ્યાએ વીજ પુરવઠો ખોરવાયો હતો. એક કલાકથી વધુ સમય પવન ફુંકાતાં લોકોના જીવ તાળવે ચોંટ્યા હતા. વાંકલમાં વન વિભાગના કમ્પાઉન્ડ પાસે એક ઝાડનો ભાગ તૂટી પડ્યો હતો. માંગરોળના વકીલપુરા ગામે દીપ ટ્રસ્ટ દ્વારા યોજાનારા મહિલા સંમેલનનો મંડપ પણ ઊડી ગયો હતો. સાથે 900થી વધુ ગિફ્ટ આઈટમોને પંચાયત ભવનમાં ખસેડવામાં આવી હતી. જ્યારે વાડી ગામે તળાવ પાસે ખેડૂતોને સોલાર સિસ્ટમથી પાણી આપવાની યોજનાની સોલાર પેનલો પણ પવનમાં ઊડી ગઈ હતી.

અણીતા ગામમાં ઝાડ પડતાં કારને નુકસાન

કીમઃ કીમ પંથકમાં મોડી રાત્રે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. કીમ ઓવરબ્રિજ પર ધૂળની ડમરીઓ ઊડતા થોડા સમય માટે વાહન વ્યવહાર પણ પ્રભાવિત થયો હતો અને વાહનચાલકોને થોડીવાર માટે અટકવાની ફરજ પડી હતી. અણીતા ગામે ઝાડ ધરાશાયી થવાના બનાવમાં એક કારને નુકસાન પહોંચ્યું હતું અને કાચ તૂટી જવાના બનાવો બન્યા હતા. સાથે જ અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો પણ ખોરવાયો હતો. ઓલપાડ તાલુકાના ઓલપાડ, સાયણ, કીમ સહિતના વિસ્તારોમાં જોરદાર પવન ફુંકાયો હતો. કીમ પંથક સહિત આસપાસના વિસ્તારોમાં અનેક સ્થળોએ રસ્તા પર લગાવવામાં આવેલા બેનર અને હોર્ડિંગ્સ ઊડી જવાની ઘટનાઓ સામે આવી હતી.

ભરૂચના ત્રિમૂર્તિ હોલ પાસે જૂની અદાવતમાં યુવક ઉપર હુમલો

આરોપી વિશાલ રાય અને તેના સાગરીત લાકડી લઈ તૂટી પડ્યા

ભરૂચઃ ભરૂચ શહેરના ત્રિમૂર્તિ હોલ પાસે આવેલી જૂની નારાયણ સ્કૂલ નજીક ગઈકાલે રાત્રે જૂની અદાવતની રીસ રાખી એક યુવક પર બે ઇસમે હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. નારાયણનગર-5માં રહેતા 24 વર્ષીય તરુણભાઈ અમરસંગભાઈ ગોહિલ જેઓ દહેજની કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે, તેઓ ગત તા.17/3/2026ના રોજ રાતના 9 વાગ્યાની આસપાસ જૂની નારાયણ સ્કૂલ પાસે ઊભા હતા. એ સમયે લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતો વિશાલ રાય અને તેનો એક અજાણ્યો મિત્ર ત્યાં આવ્યા હતા. અગાઉના ઝઘડાની અદાવત રાખીને વિશાલ રાયે તરુણભાઈ સાથે બોલાચાલી કરી ગાળો ભાંડવાની શરૂઆત કરી હતી. બાદ તેમને કમરના ભાગેથી પકડી લીધા હતા. દરમિયાન વિશાલની સાથે આવેલા અજાણ્યા શખ્સે લાકડી વડે તરુણભાઈના હાથ, પગ, બરડા અને ડાબા હાથની આંગળીઓ પર આડેધડ સપાટા માર્યા હતા. અચાનક થયેલા આ હુમલાથી ગભરાઈ ગયેલા તરુણભાઈએ બૂમાબૂમ કરતાં નજીકમાંથી તેમના પરિચિત ગોવિંદભાઈ તથા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને તેમને વધુ મારમાંથી બચાવ્યા હતા. લોકો એકઠા થઈ જતા આરોપીઓ ત્યાંથી ભાગી છૂટ્યા હતા, પરંતુ જતા જતા વિશાલ રાયે યુવકને હવે પછી મળીશ તો જાનથી મારી નાંખીશ તેવી ગંભીર ધમકી આપી હતી. હુમલામાં ઇજાગ્રસ્ત થયેલા તરુણભાઈને પ્રાથમિક સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે તરુણભાઈએ વિશાલ રાય અને તેના મિત્ર સામે એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

સંક્ષિપ્ત સમાચાર

માંગરોળના નાના નોગામા ગામેથી ૧૫ કિલો ગૌમાંસ સાથે એકની અટકાયત

વાંકલઃ માંગરોળના નાના નોગામા ગામેથી પોલીસે બાતમીના આધારે ૧૫ કિલો ગૌમાંસ સાથે એક આરોપીની ધરપકડ કરી છે, જ્યારે અન્ય એક શખ્સને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. માંગરોળ પોલીસની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ વિપુલભાઈ વિક્રમભાઈને બાતમી માહિતી મળી હતી કે, એક શખ્સ પોતાની ક્રીમ કલરની મોપેડ નં.(GJ-05-TX-5935)ની ડિકીમાં પ્લાસ્ટિકની થેલીઓમાં ગૌમાંસ ભરીને તડકેશ્વર ખાતે કોઈને આપવા જઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે નાના નોગામા પ્રાથમિક શાળા પાસે વોચ ગોઠવી હતી. શંકાસ્પદ બાઈક આવતા જ તેને કોર્ડન કરી અટકાવવામાં આવી હતી. તપાસ કરતા તેમાંથી ૧૫ કિલો ગૌમાંસ મળી આવ્યું હતું. પોલીસે સ્થળ પરથી ચાસીન આદમ ઘોરાત (ઉ.વ.૫૮) (રહે.,કોસાડી, ઝમઝમ ફળિયું, માંગરોળ)ને ઝડપી પાડ્યો હતો. તો ઇમરાન મહમદ ભીખુ (રહે.,કોસાડી ગામ, ઝમઝમ ફળિયું)ને વોન્ટેડ જાહેર કર્યો હતો.

વાલોડમાં ચકલી ઘર અને કુંડાનું વિતરણ

વાલોડઃ સમગ્ર વિશ્વમાં 20મી માર્ચના દિવસે દર વર્ષે વિશ્વ ચકલી દિવસ તરીકે ઓળખવામાં આવે છે. વાલોડના ઘર ચકલીના માળા મળી રહે એવાં ઉમદા આશયથી ચકલીઓને બચાવવાનું અભિયાન શરૂ કર્યું છે. વાલોડના જીવદયાપ્રેમી અશ્વિનીબેન સતીષભાઈ રાઠોડનાં જોડિયાં બાળકો અનય અને અનન્યા અને અમર સેવા ગ્રુપ દ્વારા નિઃશુલ્ક ચકલી ઘર વિતરણ કરી જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ચકલી ઘર અને પાણીનાં કુંડાની વિતરણ વ્યવસ્થા કરવામાં આવી છે. વાલોડ પંથકમાં છેલ્લાં ઘણાં સમયથી જીવદયાપ્રેમી પરિવાર તરફથી વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ચકલી ઘર તૈયાર કરી વિવિધ સ્થળોએ નિઃશુલ્ક આપવામાં આવી રહ્યું છે. આ વર્ષે 1111 ચકલી ઘર અને 1111 પાણીનાં કુંડાનું વિતરણની વ્યવસ્થા કરાઈ છે. અશ્વિનીબેન રાઠોડે જણાવ્યું કે, લુપ્ત થતી ઘર ચકલીને બચાવવા માટે આપણે સૌ આગળ આવવાની જરૂર છે. નાનાં બાળકોને જીવદયાપ્રેમી બને એવાં સંસ્કારોનું સિંચન કરવું જરૂરી બન્યું છે.

અંકલેશ્વર પંથકમાં ગુડી પડવાની ઉજવણી

અંકલેશ્વરઃ ચૈત્ર સુદ એકમ એટલે મરાઠી સમાજનું નવું વર્ષ. ગુડી પડવા પર્વ નિમિત્તે અંકલેશ્વરમાં વસવાટ કરતા મરાઠી સમાજ દ્વારા પરંપરાગત રીતે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારે મંગલ મુહૂર્તમાં પોતાના નિવાસસ્થાને ઘરની બહાર "ગુડી" (ધ્વજ) ઊભી કરીને પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું.

ભરૂચમાં દાઉદી વ્હોરા સમાજે રમજાન ઈદની ઉજવણી કરી

ભરૂચઃ ભરૂચ શહેરમાં વસતા દાઉદી વ્હોરા સમાજ દ્વારા રમજાન ઈદનો પવિત્ર પર્વ નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી. રમજાન માસની સમાપ્તિ પર આ દિવસે સમાજના મોટી સંખ્યામાં લોકોએ એકત્ર થઈ વિશેષ નમાઝ અદા કરી અને એકબીજાને ઈદની મુબારકબાદી પાઠવી હતી.

સ્માર્ટ વિલેજ બુહારીમાં મહિલા રાત્રિ ક્રિકેટ ટુર્નામેન્ટનો ભવ્ય સમાપન સમારોહ યોજાયો

જે ગામમાં દીકરીઓ, મહિલાઓ આત્મવિશ્વાસ સાથે આગળ વધે છે, એ ગામનું ભવિષ્ય ખૂબ ઉજ્જવળ હોય છેઃ સુરજ દેસાઈ

ગત તા. 8મી માર્ચથી શરૂ થયેલી આ ટુર્નામેન્ટમાં 24 મહિલા ક્રિકેટ ટીમે ભાગ લીધો, પુર્ણા વોરિયર્સ બુહારી ટીમ ફાઈનલ વિજેતા બની

બુહારીઃ તાપી જિલ્લાના એકમાત્ર સ્માર્ટ વિલેજ બુહારી ખાતે ઉપસરપંચ સુરજ દેસાઇ દ્વારા આયોજીત મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટમાં ૨૪ મહિલા ક્રિકેટ ટીમોએ ભાગ લીધો હતો. જેની ફાઇનલ મેચ ૧૮ માર્ચને બુધવારના રોજ બલ્લુકાકા સ્ટેડિયમ ખાતે યોજાઇ હતી. બુહારી - ઉનાઇ રોડ ઉપર આવેલા બલ્લુકાકા સ્ટેડિયમ ઉપર ગત તારીખ ૮ માર્ચ થી શરૂ થયેલી રાત્રિ મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટનો ભવ્ય શુભારંભ બુહારીના લોકપ્રિય ઉપસરપંચ સુરજ દેસાઇ, પ્રાચી દેસાઇ અને હિદય દેસાઇના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો.

ગતરોજ બુધવારે અંતિમ દિવસે ભવ્ય રંગારંગ આતશબાજી સાથે ફાઇનલ મેચનો પ્રારંભ થયો હતો. ફાઇનલ મેચનો ટોસ સુરજ દેસાઇના હસ્તે કરવામાં આવ્યો હતો. જેમાં પુર્ણા વોરિયર્સ (બુહારી સડક ફળિયું)ની ટીમ ટોસ જીતી પ્રથમ બેટિંગનો નિર્ણય લીધો હતો અને પ્રથમ ફિલ્ડિંગ ગોલ્ડન ઇલેવન (પેલાડ બુહારી)એ કરી હતી. જેમાં પ્રથમ બેટિંગ કરી પુર્ણા વોરિયર્સ નિર્ધારીત ૧૦ ઓવરમાં ૭૫ રન ફટકાર્યા હતા. જે લક્ષ્યાંકનો પીછો કરતા ગોલ્ડન ઇલેવને ૧૦ ઓવરમાં ૭૦ રન ફટકાર્યા હતા. આમ ૫ રને પુર્ણા વોરિયર્સ બુહારી ફાઈનલ વિજેતા બની હતી.

રાત્રિના 2 વાગ્યે પણ ૮ થી ૧૦ હજાર લોકોની મેદની મેચ નિહાળવા માટે ઉપસ્થિત હતી. આવો માહોલ અગાઉ સમગ્ર ભારતમાં ક્યાંય જોવા ન મળ્યો હોઈ એવો બન્યો હતો. ગામના અગ્રણી હેમંતભાઈ ચૌધરી, મનોજ પટેલ (સિંઘમ), અલ્પેશ પટેલ, મયંક પટેલ સહિત લોકોએ ટુર્નામેન્ટ વિશે પોતાનો અભિપ્રાય પણ આપ્યો હતો. ભારે રોમાંચક મુકાબલામાં પુર્ણા વોરિયર્સ બુહારી ૫ રને વિજેતા બની હતી અને સતત બે વર્ષની ચેમ્પિયન ટીમ ગોલ્ડન ઇલેવન રનર્સ અપ રહી હતી. સમગ્ર ટુર્નામેન્ટમાં પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ ખુશી ચૌધરી, બેસ્ટ બેસ્ટમેન ખુશી ચૌધરી, બેસ્ટ બોલર બિંદિયા રાઠોડ, બેસ્ટ ફિલ્ડર મમતા રાઠોડ બની હતી. તમામને પ્રાચી દેસાઇના હસ્તે ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. વિજેતા ટીમ ને રૂ.૫૧૦૦૦નો રોકડ પુરસ્કાર અને ટ્રોફી સુરજ દેસાઇના વરદ હસ્તે એનાયત કરવામાં આવી હતી. રનર્સ અપ ટીમને રૂ.૨૫૦૦૦નો રોકડ પુરસ્કાર અને ટ્રોફી પણ સુરજ દેસાઇના વરદ હસ્તે એનાયત કરવામાં આવી હતી. સુરજ દેસાઈએ પુર્ણા વોરિયર્સ બુહારી ટીમના કેપ્ટન સેજલ રાઠોડ અને ગોલ્ડન ઇલેવન પેલાડ બુહારી ટીમના કેપ્ટન કેની પટેલને શુભકામના પાઠવી હતી.

ફાઈનલ મેચ પૂર્વે સુરજ દેસાઈએ ભાગ લેનાર તમામ બહેનોનો તેમજ મોટી સંખ્યામાં ઉપસ્થિત દરરોજ અગિયાર દિવસ સુધી મેચ નિહાળવા માટે પધારનાર તમામનો આભાર માન્યો હતો. આ ટુર્નામેન્ટમાં મહિલા ખેલાડીઓને ઉત્સાહ વધારવા સુરજ દેસાઈ દ્વારા બુહારી ગામના તમામ ફળિયાની કુલ 300 કરતા વધુ મહિલાઓને આખી ટુર્નામેન્ટ દરમિયાન મહેમાન તરીકે બોલાવી હતી. તેમજ ફાઈનલ મેચમાં બુહારી ગામના તમામ ફળિયાના વડીલો, આગેવાનો, યુવાનો મળી કુલ ૪૦૦ કરતા વધુ મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. તમામનું સ્વાગત ટીમ સુરજ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. ફાઈનલ મેચ ભવ્ય ડાન્સ અને ફાયર શો સાથે શરૂ થઈ હતી. LED સ્ક્રીન પર પણ મેચ લાઈવ બતાવવામાં આવી હતી તેમજ LED સ્ક્રીન ઉપર વર્ષ ૨૦૧૨થી સુરજ દેસાઈ દ્વારા કરવામાં આવેલા અનેક કાર્યક્રમો, સહાય સહિત સેવાકીય પ્રવૃતિઓને વિડીયો પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. સુરજ દેસાઈએ જણાવ્યું હતું કે, આ ટુર્નામેન્ટ માત્ર રમત પૂરતી મર્યાદિત નથી રહી. આ ટુર્નામેન્ટના લીધે આમાં ભાગ લેનાર મહિલા ખેલાડીઓને નવી ઓળખ મળી છે. મારા માટે વિકાસ ભૌતિક સુખ સુવિધા નથી. સાચો વિકાસ એ છે કે જ્યાં યુવાનોને તક મળે અને મહિલાઓને સન્માન મળે. જે ગામમાં દીકરીઓ, મહિલાઓ આત્મવિશ્વાસ સાથે આગળ વધે છે, એ ગામનું ભવિષ્ય ખૂબ ઉજ્જવળ **હોય છે.**

ભરૂચમાં સગીરાનું અપહરણ થતાં પોક્સોનો ગુનો નોંધાયો

ભરૂચઃ ભરૂચ પંથકમાંથી એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે, જ્યાં માંડ 15 વર્ષની સગીરાને પ્રેમજાળમાં ફસાવી એક યુવક ભગાડી ગયો હતો. પરિવાર દ્વારા તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધાવાતાં ભરૂચ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસે ગંભીરતા દાખવીને ઝડપી કાર્યવાહી કરતા આરોપી યુવકને પકડી પાડવામાં સફળતા મેળવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભરૂચના ચીમન ટેકરી વિસ્તારમાં રહેતો અમિત કનુભાઈ બેલદાર ગત મે-2025થી 15 વર્ષીય સગીરાના સંપર્કમાં હતો. તેની સાથે પ્રેમસંબંધ હોવાનું કહેવાય છે. આ યુવકે સગીરાને પટાવી-ફોસલાવીને તેની સાથે ભાગી જવા માટે રાજી કરી લીધી હતી.બાદ બંને ઘર છોડીને ફરાર થઈ ગયાં હતાં. સગીરા ઘરે ન આવતાં પરિવારમાં ચિંતા વ્યાપી ગઈ હતી. શોધખોળ કર્યા બાદ પણ કોઈ પત્તો ન મળતાં સગીરાના વાલીએ ભરૂચ સી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે અપહરણ અને પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. આ ઘટનાને ગંભીરતાથી લેતા પોલીસ દ્વારા તાત્કાલિક તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસ ટીમને મળેલી સફળતામાં આરોપી અમિત કનુભાઈ બેલદારની ધરપકડ કરવામાં આવી છે.

Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar The Revenge
11:00am, 12:00pm, 01:00pm, 03:30pm, 04:30pm, 05:15pm, 08:00pm, 09:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

જાહેર નોટીસ - કે.ડી.પટેલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડાની કોર્ટમાં

કેસ નં.૨૪૫/૨૦૨૫

અરજદારઃ નામઃ- પટેલ મહેશભાઈ મુકુન્દભાઈ, રહેઃ-કુકરમુંડા તા.કુકરમુંડા જિ.તાપી

વિરૂધ્ધ

સામાવાળાઃ નામઃ-રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી રહેઃ-ગ્રામ પંચાયત, ફુલવાડી

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, ફિર્ખાદુમારી મહેશભાઈ પટેલની જન્મ તા.૨૯/૧૨/૨૦૦૮ ના રોજ મોજે. કુકરમુંડા તા. કુકરમુંડા જી.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી ને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ફુલવાડી કચેરી ગ્રામ પંચાયત,ફુલવાડી ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કે.ડી.પટેલ)

એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડા જિ.તાપી

કોસંબા મર્કન્ટાઈલ કો.ઓ બેંક સામેનાં ભ્રષ્ટાચારનાં આક્ષેપો ખોટા સાબિત

કોસંબા મર્કન્ટાઈલ કોઓપરેટિવ બેંક લિમિટેડ જે કોસંબા-તરસાડી તેમજ સમગ્ર સુરત જિલ્લામાં વિશ્વસનીયતા અને પારદર્શક વહીવટ માટે જાણીતી છે. તે બેંકમાં આશરે ૨૨ હજારથી વધુ સભાસદો જોડાયેલા છે. થોડા સમય પહેલાં બેંકની એક મહિલા કર્મચારી દ્વારા બેંકનાં ચેરમેન અને ડિરેક્ટરો તથા અધિકારી તેમજ કર્મચારીઓ સામે ખોટા આક્ષેપો સાથે કોસંબા પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદમાં આશરે રૂપિયા ૨૬ લાખ જેવી માતબર રકમ અંગે ધાક ધમકી આપી અને પૂર્વ આયોજન સાથે કાવતરું રચીને નાણાંકીય ગેરરીતિ આચરવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

આ મામલે ફરિયાદનાં આધારે ગુનો નોંધાવવા પ્રયાસો થયા હતાં પરંતુ કોસંબા પોલીસે તટસ્થ અને વિસ્તૃત તપાસ હાથ ધરતાં તપાસ દરમ્યાન બેંકનાં સીસીટીવી ફૂટેજનું વિશ્લેષણ, તમામ સંબંધિત દસ્તાવેજો અને ફાઈલોનો ઝીણવટ ભર્યો અભ્યાસ સાથે બેંકનાં ચેરમેન, ડિરેક્ટરો, કર્મચારીઓ તથા ઓડિટરનાં રૂબરૂ નિવેદનો લેવામાં આવ્યા હતા. તપાસનાં અંતે પોલીસે જણાવ્યું હતું કે ફરિયાદમાં દર્શાવાયેલા આક્ષેપોને સમર્થન આપતાં કોઈ પણ પુરાવા મળ્યા નથી. તેમજ બેંકનાં ચેરમેન કે ડિરેક્ટરોની કોઈપણ પ્રકારની સંડોવણી જણાઈ આવી નથી અને નાણાંકીય ગેરરીતિ થયાનું પણ કોઈ તથ્ય સામે આવ્યું નથી. આથી પોલીસે સ્પષ્ટ કર્યું છે કે ગુનો નોંધવા યોગ્ય કોઈ તથ્ય ન મળતાં ફરિયાદ નિરાધાર સાબિત થઈ છે. આ ઘટનાને લઈને બેંકનાં બોર્ડ ઓફ ડીરેક્ટરોનાં સ્વચ્છ વહીવટ અને પ્રતિષ્ઠા વધુ મજબૂત બનતી જોવા મળી રહી છે, તેમજ સભાસદોમાં વિશ્વાસ યથાવત રહ્યો છે.

મહિલા કર્મચારીની ફરિયાદમાં કોઈપણ તથ્ય નહીં મળતાં પોલીસે ફરીયાદ દફતરે કરી.

લી. કોસંબા મર્કન્ટાઈલ કો.ઓ બેંક
મેનેજર